# પ્રભુ ! મારા કંઠમાં તું દે જે એવો રાગ

ગીત ગાઉં છું હે પ્રભુ, પણ નહિ એમાં પ્રીત
તુજને કંઈ સમજી શકું, એવું દે સંગીત

પ્રભુ ! મારા કંઠમાં તું દેજે એવો રાગ (૨),
જેથી હું ગાઈ શકું વીતરાગ (૨),
પ્રભુ ! મારા સૂરમાં તું પૂરજે એવો રાગ (૨),
જેથી હું ગાઈ શકું વીતરાગ (૨)

જગને રિઝાવી રિઝાવી હું રાચું, ના સમજાયે સંગીત સાચું (૨),
ભરજે તું અંતરમાં એવી કંઈ આગ (૨),
જેથી હું ગાઈ શકું વીતરાગ (૨)

વેર ને ઝેરની વાંસળી વગાડી, ગીતો ઘમંડનાં ગાયા (૨),
બેસુરો બોલે આ તનનો તંબુરો (૨), સૂરો બધા વિખરાયા,
પ્રગટાવી દે તું પ્રીતની પરાગ (૨),
જેથી હું ગાઈ શકું વીતરાગ (૨)

દુનિયાની માયા છે દુઃખડાની છાયા, તોયે કદી ના મુકાતી (૨)
જ્ઞાની ઘણાયે દેખાડી ગયા પણ, દિશા હજી ના દેખાતી (૨)
ચમકાવજે તું એવો ચિરાગ (૨),
જેથી હું ગાઈ શકું વીતરાગ (૨)

પ્રભુ ! મારા કંઠમાં તું દેજે એવો રાગ (૨),
જેથી હું ગાઈ શકું વીતરાગ (૨)

12-30-2018